MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

# ભારતમાં વિદેશ વેપારનો વિશ્લેષણાત્મક અભ્યાસ.

**કણજારીયા ક્રિષ્ના એ.**
એમ.એ અર્થશાસ્ત્ર, પીએચ.ડી સ્કોલર
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જુનાગઢ.

**સારાંશ -**

આધુનિક સમયમાં દરેક દેશ એકબીજાથી આગળ વધવા અને વિકાસ કરવા સતત પ્રયત્નશીલ રહેલ છે. કોઈપણ દેશના વિકાસ માટે વિદેશવેપાર એ મહત્વનો ભાગ ભજવે છે. વિદેશ વેપાર એ કોઈપણ દેશના અર્થતંત્રના વિકાસમાં કેન્દ્રવર્તી સ્થાન ધરાવે છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં ભારતના વિદેશ વેપારનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો. -** *વેપાર, વિદેશ વેપાર, આયાત, નિકાસ*

**પ્રસ્તાવના. -**

ભારત કે વિકસતો દેશ છે.  જે મુખ્યત્વે કૃષિ પર વધુ આધારિત છે. પરંતુ કોઈ પણ દેશના વિકાસ માટે કૃષિ ઉદ્યોગ અને સેવાક્ષેત્રએ મહત્વનો ભાગ ભજવે છે. અર્થતંત્રના વિકાસનો મુખ્ય આધાર આ ત્રણેય ક્ષેત્રો પર રહેલો છે. તેમજ કોઈપણ દેશના વિકાસ માટે વિદેશ વેપાર પણ એટલું જ મહત્વનું પરિબળ છે.  કોઈ દેશ પોતાના દેશમાં થયેલ વધુ ઉત્પાદનની નિકાસ કરે છે. અને બીજા દેશમાંથી વસ્તુઓની આયાત કરે છે. દેશના વિકાસ માટે આયાત નિકાસ એ ખૂબ જરૂરી છે. ભારતમાં પહેલા બંધ અર્થતંત્ર જોવા મળતું હતું. પરંતુ 1991 ના આર્થિક સુધારાઓ પછી ભારતમાં ખુલ્લું અર્થતંત્ર જોવા મળે છે. આયાત નિકાસ પર પ્રતિબંધો નથી આપણો દેશ બીજા દેશ સાથે વ્યાપાર કરી શકે છે. જે દેશના વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.

**અર્થ. - વેપાર એટલે શું?**

સામાન્ય ભાષામાં વેપાર એટલે જીવન વ્યવહાર ચલાવવો. સંસારની પ્રવૃત્તિમાં રહેવું કે વર્તવુ તે. જીવન વ્યવહાર સંબંધિત વ્યવસાય. ( વસ્તુ કે સેવાની લે વેચ) આપ લે.

**વિદેશ વેપાર એટલે શું?**

વિદેશ વેપાર એટલે કે એક દેશનું બીજા અન્ય દેશ સાથે વસ્તુ સેવા કે ટેકનોલોજી નું વિનિમય. આંતરરાષ્ટ્રીય વિદેશ વેપારમાં શ્રમવિભાજન અને વિશિષ્ટકરણ એ વિદેશ વેપારનું એક મહત્વનનો ભાગ છે.

**સાહિત્ય સર્વેક્ષણ. -**

**" ભારતનું મુક્ત વ્યાપાર સમજૂતી" આ ઓડિટોરિયલ ૧૭/૧૧/૨૨ "द हिन्दू" માં પ્રકાશિત લેખ છે.**

" FTA વાટાઘાટામાં પારદર્શિતા ની શોધ" પર આધારિત છે. આ સંશોધન પેપરમાં ભારતના વિદેશ વેપાર નીતિમાં ચર્ચા કરવામાં આવેલ છે તેમજ જરૂરી ફેરફાર અંગે સૂચનો દર્શાવેલા છે.

**ઇન્ટરનેશનલ જનરલ ઓફ એડવાન્સ મલ્ટીડિસ્પ્લેનરી સંશોધન અભ્યાસ ૨૦૨૨ ૨ (૬) ૧૦૮૯- ૧૦૧૩**

**" આંતરરાષ્ટ્રીય સ્તરે આંતરરાષ્ટ્રીય વ્યાપારની ભૂમિકા"**

પ્રસ્તુત લેખમાં વિદેશ વ્યાપારમાં નિકાસ વધુને વધુ વધે અને દેશનું બીજા દેશ સાથે વધુ સંકલન થાય તેમની માહિતી તેમ જ આયાત માટે કર, કિંમત, સંચાલન વૈશ્વિક સ્કેલ વગેરેનો વિગતે અભ્યાસ કરવામાં આવેલ છે.

**અભ્યાસના હેતુઓ.**

- ભારતમાં વિદેશ વેપાર જાણવો.
- ભારતમાં વિદેશ વેપાર આંકડાઓનું વિશ્લેષણ કરવું.

**સંશોધન પદ્ધતિ. -**

પ્રસ્તુત સંશોધન પેપર" ભારતમાં વિદેશ વેપારનો વિશ્લેષણાત્મક અભ્યાસ" એ મુખ્યત્વે ગૌણ માહિતી પર આધારિત છે. તેમજ પ્રસ્તુત પેપરમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**માહિતીના સ્ત્રોત. -**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ એ ગૌણ માહિતી પર આધારિત છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં સરકારના વિદેશવેપાર અંગેના ડેટા, યોજના, અહેવાલ, પુસ્તકો, વેબસાઈટ તેમજ પીએચ.ડી મહાશોધનો વ્યાપક ઉપયોગ કરીને અભ્યાસને વધુ સમૃદ્ધ બનાવવા પર ધ્યાન આપેલ છે.

**ભારતમાં વિદેશ વેપાર. -**

ભારતમાં વિદેશ વેપારમાં ભારતમાંથી થતી બધી આયાતો અને નિકાસોનો સમાવેશ થાય છે તેમનું સંચાલન મુખ્યત્વે કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. 2018 ભારતમાં GDP ના 48.8 % વિદેશ વેપારનો હિસ્સો હતો.

**1991 ના આર્થિક સુધારાઓ. -**

1991 ના આર્થિક ઉદારીકરણ પહેલા ભારત એક બંધ અર્થતંત્ર વાળો દેશ હતો કારણ કે સરેરાશ ટેરીફ એ 200% થી વધુ હતું તેમજ આયાત પર પ્રતિબંધ હતો વિદેશી રોકાણ પર પણ પ્રતિબંધો હતા 1991 ના સુધારા પછી ઉદારીકરણ પછી ભારતની અર્થવ્યવસ્થા મુખ્યત્વે વિદેશી વેપારમાં વધારો થવાના કારણે સુધરી છે. ભારતમાં થયેલ સુધારાઓના હેતુ ટેલીકોમ્યુનિકેશન, સોફ્ટવેર, ફાર્માસ્યુટિકલ, બાયોટેકનોલોજી, સંશોધન વિકાસ વ્યવસાયિક સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધા વધારવાનું હતું. આ સુધારાઓમાં ઘટાડવા બજારોને નિયંત્રણ મુક્ત કરવા કર ઘટાડવો વગેરેનો સમાવેશ થાય છે. જેના કારણે વિદેશી રોકાણમાં વધારો થયો અને ઉચ્ચ આર્થિક વૃદ્ધિ થઈ 1992 થી 2005 સુધી વિદેશી રોકાણમાં માત્ર 316.9% નો વધારો થયો હતો અને ભારતનો જીડીપી 1991 માં 266 બિલિયન ડોલરથી વધીને 2018માં 2.3 ટ્રિલિયન ડોલર થયો.

**નિકાસ અને આયાત -**

ભારતમાં લગભગ 190 દેશમાં આશરે 7500 કોમોડિટીઝ ની નિકાસ કરે છે. અને 140 દેશોમાંથી લગભગ 6000 કોમોડિટીઝ ની આયાત કરે છે.

- **ભારતના 10 વેપારી ભાગીદાર દેશો.**

1 યુનાઇટેડ સ્ટેટ ઓફ અમેરિકા

2 ચીન

3 સંયુક્ત આરબ અમીરાત

4 સાઉદી અરબ

5 રસિયા

6 જર્મની

7 હોંગકોંગ

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

8 ઈન્ડોનેશિયા

9 સાઉથ કોરિયા

10 મલેશિયા

- **ભારતના ટોપ 10 નિકાસ દેશો.**

**1 યુનાઇટેડ સ્ટેટ અમેરિકા**

**2 સંયુક્ત આરબ અમીરાત**

**3 ચીન**

**4 હોંગ કોંગ**

**5 સિંગાપોર**

**6 યુનાઇટેડ કિંગડમ**

**7 નેધરલેન્ડ**

**8 જર્મની**

**9 બાંગ્લાદેશ**

**10 નેપાળ**

- **ભારતમાં ટોપ 10 આયાતી દેશો**

1 ચીન

2 યુનાઇટેડ સ્ટેટ અમેરિકા

3 સંયુક્ત આરબ અમીરાત

4 સાઉદી અરબ

5 રસિયા

6 સ્વીટઝરલેન્ડ

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

7 હોંગકોંગ

8 સાઉથ કોરિયા

9 ઈન્ડોનેશિયા

10 સિંગાપોર

**- ભારતની મુખ્ય નિકાસી વસ્તુ**

- એન્જિનિયરિંગ માલ સામાન

- પેટ્રોલિયમ ઉત્પાદનો

- રત્ન અને ઝવેરાત

- કૃષિ ઉત્પાદનો ચોખા, મસાલા, ચા, કોફી, ફળો, શાકભાજી

- ફાર્માસ્ટીટ્યુકલ

- કાપડ અને તૈયાર વસ્ત્રો.

- ભારતની મુખ્ય આયાતી વસ્તુ.

- ક્રૂડ ઓઇલ પેટ્રોલિયમ

- મશીનરી અને ઇલેક્ટ્રોનિક સાધનો.

- લોખંડ અને સ્ટીલ

- રાસાયણિક ઉત્પાદનો

- સોનુ ચાંદી અને

- કીમતી ધાતુઓ

તાજેતર 2025 માં નાણાકીય વર્ષ 2024 - 25

કુલ નિકાસ  ડોલર 824.9 બિલિયન.

કુલ આયાત ડોલર 77.23 બિલિયન હોવાનો અંદાજ છે.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

## ભારતના વિદેશ વ્યાપારનું સારાંશ કોષ્ટક ( અબજ ડોલરમાં)

Summary table of recent India foreign trade (in billion $)

| વર્ષ | નિકાસ | આયાત | વેપારખાધ |
|---|---|---|---|
| 1999 | 36.6 | 50.2 | - 13.9 |
| 2000 | 43.1 | 60.6 | -17.7 |
| 2001 | 42.5 | 54.5 | -12.0 |
| 2002 | 45.5 | 53.8 | -9.3 |
| 2003 | 48.3 | 61.6 | -13.3 |
| 2004 | 57.24 | 74.15 | -16.19 |
| 2005 | 69.18 | 89.33 | -20.15 |
| 2006 | 76.23 | 113.1 | -36.87 |
| 2007 | 112.0 | 100.9 | 11.1 |
| 2008 | 176. 4 | 305.5 | -129.1 |
| 2009 | 168.2 | 274.3 | -106.1 |
| 2010 | 201.1 | 327.0 | -125.9 |
| 2011 | 299.4 | 461.4 | -162.0 |
| 2012 | 298.4 | 500.4 | -202.0 |
| 2013 | 313.2 | 467.5 | - 154.3 |
| 2014 | 318.2 | 462.9 | -144.7 |
| 2015 | 310.3 | 447.9 | -137.6 |
| 2016 | 262.3 | 381 | -118.7 |
| 2017 | 275.8 | 384.3 | -108.5 |
| 2018 | 303.52 | 465.58 | -162.05 |
| 2019 | 330.07 | 514.07 | -184 |
| 2020 | 314.31 | 467.19 | -158.88 |
| 2021 | 420 | 612 | -192 |
| 2022 | 676.53 | 760.06 | -83.53 |
| 2023 | 770.18 | 892.18 | -122 |
| 2024 | 820.93 | 915.19 | -94.26 |

### કોષ્ટકનું વિશ્લેષણ –

ઉપરોક્ત કોષ્ટકમાં ભારતના વિદેશ વેપારના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમાં વર્ષ 1999 થી લઈ અને 2024 સુધીના આયાત અને નિકાસના આંકડા તેમજ વેપારખાધનું વિશ્લેષણ કરવામાં આવેલું છે. એમાં જોઈએ તો 1999 માં ભારતની કુલ નિકાસ 36.6 અબજ અને આયાત 50.2 અબજ એટલે કે વેપાર ખાધ છે

એ 13.9 અબજ હતી. તો શરૂઆતથી જ ભારતની જે વેપાર ખાધ છે. એ ઘણી વધારે જોવા મળે છે. મતલબ કે ભારતમાં નિકાસ કરતા આયાતનું પ્રમાણ વધારે જોવા મળે છે. 2000માં જોઈએ તો એ વેપારખાધ વધીને 17.7 અબજ ડોલરમાં થઈ. ત્યારબાદ 2001 માં થોડી ઘટી અને 12,000 એવી રીતે 1999 થી 2010 ના દશકા સુધીમાં જોઈએ તો આ વેપારખાધ સતત વધતી ગઈ છે. એમાં પણ ખાસ કરીને 2008 થી વેપારખાધમાં ખૂબ મોટો એવો વધારો જોવા મળેલો છે. 2008માં ભારતની નિકાસ 176.4 ડોલર હતી જેની સામે આયાત 305.5 આ બધું ડોલર હતી એટલે કે કુલ ચોખ્ખી વેપારખાધ છે એ 129.1 ડોલર હતી ત્યારબાદ 2009માં પણ 106 ડોલર જેવી હતી 2010માં 125.9 ડોલર હતી. અને 2011 માં જોઈએ તો ફરીથી એમાં વધારો થયેલો જોવા મળે છે. ભારત 2011 માં ભારતની કુલ નિકાસ 299 અને સામે આયાત 401.4 અબજ ડોલર હતી. એટલે કે, ભારતની જે વેપારખાધ છે. આયાતનું પ્રમાણ છે. 162 અબજ ડોલર થઈ ગયેલું ત્યારબાદ 2002માં પણ એમાં વધારો થયેલ અને વેપાર ખાધ 202 ડોલર પહોંચી ગય. 2013 માં થોડો ઘટાડો થયો ફરીથી 2014માં ઘટાડો થયો 2015માં પણ આયાત કરતા નિકાસ છે, એ ઓછી જ રહેલી છે. અને ત્યારબાદ 2016 માં જોઈએ તો 262.3 ડોલરની નિકાસ સામે 381 અબજ ડોલરની આયાત થયેલી જોવા મળે છે. તો ત્યાં વેપાર ખાધ 118.7 ડોલર રહેલી છે. તો આમ, 2011 થી 2020 ના દાયકામાં પણ વેપાર ખાધમાં સારો વધારો થયેલો છે. પરંતુ 2012 થી 2017 ના દાયકામાં ભારતની નિકાસ જે છે એમાં થોડો એવો વધારો થયેલો જોવા મળે છે. અને ખાધ છે. એમાં ઘટાડો થયેલો જોવા મળે છે. પરંતુ ત્યારબાદ ફરીથી 2018 -19 અને 20 માં વેપારખાધમાં વધારો થયેલો જોવા મળે છે. 2021 માં જોઈએ તો ભારતની નિકાસ 420 હતી જેની સામે આયાત 612 ડોલર એટલે કે ચોખ્ખો 192 ડોલરનો વેપારખાધ જોવા મળતી હતી. ત્યારબાદ જોઈએ તો ભારતે મેડ ઇન ઇન્ડિયા અને બીજી યોજનાઓનો અમલ કરી તેમજ નિકાસ પ્રોત્સાહન આપતા ભારતની નિકાસોમાં સારો વધારો થતા વેપારખાધ છે. એમાં ઘટાડો થયેલો જોવા મળે છે. તો આમ આપણે અહીંયા શરૂઆતથી જોઈ શકીએ છીએ કે ભારતની હંમેશા નિકાસ કરતા આયાત પર વધારે ડિમાન્ડ રહેલ છે. જેના કારણે ભારતમાં સારી એવી વેપારખાધ જોવા મળે છે.

2021 પછી ભારતની આયાતમાં વધારો થયો છે. એના માટે સરકારે ઘણા બધા પગલાં લીધેલા છે. અને બીજું કે આપણે હવે ઘણા બધા દેશોમાં ઘણી બધી વસ્તુઓની નિકાસ કરતા પણ થઈ ગયા છીએ ખાસ કરીને ભારત સંરક્ષણની વસ્તુઓ છે. અને નિકાસ કરવા લાગ્યો છે. તો વેપારખાધ છે. એમાં થોડો ઘટાડો થયેલો જોવા મળે છે. પરંતુ એકંદરે જોઈએ તો આજે પણ ભારતની વેપારખાધ છે તે ખૂબ વધારે છે. એટલે કે આપણે આયાત ઉપર વધારે આધારિત રહેલા છીએ. તો ભારતે જો સારો એવો વિકાસ અને પ્રગતિ કરવી હોય તો નિકાસનું પ્રમાણ વધારી અને આયાતનું પ્રમાણ ઘટાડવું પડશે. અથવા તો જે જરૂરી વસ્તુઓ છે એની જાહેરાત કરવી

પડશે એના સિવાયની બધી જ વસ્તુઓ દેશમાં બનાવી અને જે વસ્તુને આપણે નિકાસ કરી શકીએ છીએ તેવી વસ્તુઓની નિકાસ કરવા માટેના પ્રયાસ કરવા પડશે.

**સંદર્ભ સૂચિ. -**

- આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર - મનીષ બી વ્યાસ.

- આંતરરાષ્ટ્રીય વેપાર કુમાર પ્રકાશન.

- ભારતની મુક્ત વ્યાપાર સમજૂતી. 17/11/22 **द हिन्दू**

- ઇન્ટરનેશનલ જર્નલ ઓફ એડવાન્સ મલ્ટીડીસ્પિનરી સંશોધન અભ્યાસ 2022

- https://en.wikipedia.org/wiki/Foreign_trade_of_India

- https://videshvyapar.com

- https://www.commerce.gov.in

- https://hi.Wikipedia.org

Certificate No.:03062025039

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

this certificate to

**કણજારીયા ક્રિષ્ના એ.**

In recognition of the publication of the paper entitled
**ભારતમાં વિદેશ વેપારનો વિશ્લેષ્ણાત્મક અભ્યાસ.**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**